આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:- ૦૩-૧૧-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

## ભાઈબીજની ઉજવણી

આજે સમગ્ર જીલ્લામાં ભાઈબીજનો તહેવાર ઉજવાઇ રહ્યો છે. હર્ષોલ્લાસના વાતાવરણ વચ્ચે ભાઈએ બહેનના ઘરે જમીને નવું વર્ષ શુભદાયી, ફળદાયી અને લાભદાયી નીવડે તેની શુભેચ્છા મેળવી હતી. ભાઇબહેનના પ્રેમ અને પવિત્ર બંધનના પ્રતીક સમી ભાઇબીજને યમદ્વીતીયા પણ કહેવાય છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાઈબીજના તહેવાર નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી મોદીએ આ તહેવાર ભાઈઓ અને બહેનો વચ્ચેના સ્નેહમાં વધારો કરે તેવી આશા વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના નાગરિકોને ભાઇબીજની શુભેચ્છા આપતાં જણાવ્યું હતું કે, આ પર્વ આપના જીવનમાં નવી ખુશીઓ લઇને આવે અને સમાજ જીવનને વધુ સંતુલિત અને પ્રગતિલક્ષી બનાવે તેવી અભ્યર્થના. તેમ શ્રી પટેલે જણાવ્યુ હતું.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---

## કચ્છમાં પ્રવાસીઓ ઉમટ્યા

દિવાળી વેકેશનના પગલે જીલ્લાના વિવિધ યાત્રાધામો અને પ્રવાસન સ્થળોએ રજાઓ માણવા માટે પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે.

પ્રવાસન માટે વિશ્વભરમાં પ્રખ્યાત કચ્છમાં સફેદ રણથી લઈને છેક ધોળાવીરા સુધી પ્રવાસીઓ પ્રવાસ ખેડી રહ્યા છે. જિલ્લાનું મુખ્ય મથક ભુજ પણ

પ્રવાસન કેન્દ્રમાં ફેરવાઈ ગયું છે. ભુજમાં આવેલું પ્રાગમહેલ, કચ્છ મ્યુઝીયમ, આઇના મહલ, સ્મૃતિવન તેમજ સ્વામીનારાયણ મંદિર સહિતના સ્થળો પર પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. બીજી બાજુ, માંડવી બીચ, વિજય વિલાસ પેલેસ, શરદબાગ પેલેસ, રોડ ટુ હેવન, કાડીયા ધ્રો, જેવા અનેક સ્થળો પર પ્રવાસીઓ મુલાકાત લઈ રહ્યા છે.

કચ્છના સરહદી તાલુકા લખપતનો કિલ્લો અને પ્રસિદ્ધ યાત્રાધામો માતાના મઢ, નારાયણ સરોવર-કોટેશ્વર મંદિર અને હાજીપીર ખાતે સર્વત્ર પ્રવાસીઓની ભીડ જોવા મળી રહી છે. વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરા ખાતે પણ પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. કચ્છમાં ફરવા આવતાં પ્રવાસીઓ મોટાભાગે ભુજમાં જ રોકાતા હોય છે, ત્યારે ભુજ અને આજુબાજુના હોટલ અને રિસોર્ટ પણ હાઉસફૂલ જોવા મળતા હોય છે. દરમ્યાન, કચ્છમાં વધતા પ્રવાસનને પગલે હોમ સ્ટે પ્રોગ્રામને પણ સફળતા મળી રહી છે.

**(અશરફ નથવાણી)**

---

## માંડવી નગર પાલિકા-સ્વચ્છતા કામગીરી

માંડવી નગરપાલિકા દ્વારા શહેરમાં બ્યૂટીફિકેશનની કામગીરી હાથ ધરાઇ હતી. નગરપાલિકા આ વર્ષે ઓપન ડેફીકેશન ફ્રી અને `ગાર્બેજ ફ્રી સિટી-૩ સ્ટાર' રેટિંગ મેળવવા માટે કામગીરી કરી રહી છે, જે અંતર્ગત શહેરમાં નિયમિત ઘરે ઘરે કચરો એકત્રિત કરવાની કામગીરી ઉપરાંત વિવિધ જાહેર અને પ્રવાસન સ્થળો ખાતે જાગૃતિ સંદેશાઓ સાથેની વોલ પેઇન્ટિંગની હાથ ધરવામાં આવી છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં જાહેર તથા કોમ્યુનિટી શૌચાલય બનાવવાના કામો પણ શરુ કરાયા છે. નગરપાલિકાના પ્રમુખ હરેશ વિંઝોડાએ આ અંગે આકાશવાણી સાથે વાતચીત કરી હતી.

(બાઈટ-હરેશ વિંઝોડા- નગરપાલિકા પ્રમુખ)

**(અશરફ નથવાણી)**

---

## ભુકંપનો આંચકો

આજે વહેલી સવારે ભારત-પાકિસ્તાન સરહદે 3.4 ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો ગાંધીનગરના ભૂકંપ સંશોધન કેન્દ્રની યાદી અનુસાર વહેલી પરોઢે ચાર વાગે આ વિસ્તારમાં ભૂકંપનો આ આંચકા આવ્યો હતો. જેનું કેન્દ્ર બિંદુ લખપતથી 53 કિલોમીટર દૂર નોંધાયું હતું.

**(અશરફ નથવાણી)**

------------------------------------------------------------------------

## ટેસ્ટ મેચ

મુંબઈ ખાતે ની ત્રીજી અને અંતિમ મેચ માં ન્યુઝીલેન્ડ ની ટીમે ભારત ને 25 રને હરાવી મેચ ની સાથે ત્રણ ટેસ્ટ મેચ ની શ્રેણી 3 વિરુદ્ધ શૂન્ય થી જીતી લીધી છે. આજે મેચ ના ત્રીજા દિવસે ભારતને મેચ જીતવા અપાયેલ 148 રન નાં લક્ષ્યાંક સામે ભારતીય ટીમ 121 રન કરી શકી હતી

**(અશરફ નથવાણી)**

------------------------------------------------------------------------

RNU B.